Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-18, Issue-1, June-2024

# વિશ્વવાત્સલ્યના કવિ કલાપી

**ભક્તિબેન સી. સુથાર**

એ-૧૫૭, સંસ્કાર નગર, પરદાપીઠ હનુમાન રોડ, ભૂજ- કચ્છ

---

સૌરાષ્ટ્ર ગુજરાતના ગોહિલવાડના રાજ્ય લાઠીના રાજવી અને કવિ કાન્ત જેને 'સુરતાની વાડીના મીઠાં મોરલા' તરીકે ઓળખાવે છે . તે સુરસિંહ તખ્તસિંહજી ગોહિલ , જેઓ ગુજરાતી સાહિત્યજગતના 'કવિ કલાપી' છે . તેમનો જન્મ ૨૬/૧/૧૮૭૪મા લાઠીના રાજા તખ્તસિંહજી ગોહિલ ને ત્યાં થયો હતો . તેમના માતા બા શ્રી રમાબા. રજવાડાની સમૃદ્ધિમાં જન્મનાર કલાપીએ માત્ર પાંચ વર્ષની ઉમરે પિતા ગુમાવ્યા અને ચૌદવર્ષની ઉમરે માતાને પણ ગુમાવ્યા. નાની ઉમરે માતા પિતાની છત્રછાયા વિનાના કલાપીનું હૃદય નાનપણથી જ સંવેદનશીલ બન્યું.

આઠ વર્ષની ઉમરે રાજકોટની રાજકુમાર કોલેજમાં અભ્યાસ માટે દાખલ થયા. અહીં તેમણે ૧૮૮૨ થી ૧૮૯૦ સુધી ત્યાં જ રહીને અંગ્રેજી પાંચ ચોપડી સુધીનો અભ્યાસ કર્યો . પણ વિશેષ શિક્ષણ તેમણે અંગત રીતે નિષ્ણાંતો પાસેથી મેળવ્યું . જાની માસ્તર , હરિશંકર પંડયા જેવા સાહિત્ય રસિક શિક્ષકો પાસેથી અંગ્રેજી અને સંસ્કૃત ભાષાના કાવ્યોના રસાસ્વાદ માણ્યા. મિત્રો સાથે માણેલી કાવ્યગોષ્ઠિઓ , ગુજરાતી-અંગ્રેજી ઉર્મિકાવ્યોનાં વાંચન મનન અને રટણથી આ સંવેદનશીલ યુવાનનું હૃદય સાહિત્ય તરફ વિશેષ ઢળતું ગયું . તેમણે ફારસી અને ઉર્દૂભાષાનો પણ અભ્યાસ કરેલો . એમની કવિપ્રતિભા તેમના મિત્ર અને ગુરુ એવા મણિલાલ નભુભાઈ દ્વિવેદી , કવિ કાન્ત , શ્રી ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી , જટિલ , પ્રો. બ. ક. ઠાકોર જેવા નામદાર કવિઓનાં સંપર્કથી વિશેષ ખીલી ઉઠી . વિશેષમાં ૫૦૦થી વધારે ગ્રંથોનો અભ્યાસ પણ સહાયક રહ્યો .

માત્ર પંદરવર્ષની ઉમરે બે સ્ત્રીઓ સાથે તેમના લગ્ન થયાં . એક કચ્છનાં રોહાના રાજકુંવરી રાજબા - રમા કે જેઓ કલાપીથી ઉમરમાં આઠવર્ષ મોટાં હતા. અને બીજા સૌરાષ્ટ્રનાં કોટડાનાં કુંવરી આનંદીબા – કેસરબા , જેઓ પણ કલાપીથી ઉમરમાં બે વર્ષ મોટાં હતાં . યૌવનમસ્ત કુશળ , સુંદર , અને બોલચાલમાં ચતુર એવા રમાબાપ્રત્યે કલાપીને વિશેષ અનુરાગ હતો . તેમના શરૂઆતના કાવ્યો પત્ની રમાને સંબોધીને જ લખાયાં છે . તેમના કાવ્યોનું કેન્દ્રબિંદુ રમા સાથે આવેલી દાસી 'મોંઘી' એટલે કે

કવિએ જેને 'શોભના' નામ આપ્યું તે બને છે . તેથી જ કલાપીના મૃત્યુ બાદ કવિ કાન્તે ૧૯૦૫મા પ્રસિદ્ધ કરાવેલ 'કલાપીનો કેકારવ' કાવ્યગ્રંથ શોભના ને અર્પણ કરે છે.

સોળ વર્ષની ઉમરે મેટ્રિક સુધીનો અભ્યાસ કરીને રાજકુમાર કોલેજ છોડી . અહીં અભ્યાસના આખરના ભાગરૂપે આર્યાવર્ત કાશ્મીરનો પ્રવાસ કર્યો . આ પ્રવાસનું વર્ણન તેમણે 'કાશ્મીરનો પ્રવાસ' ગ્રન્થમાં કરેલ છે . કલાપી અઢાર વર્ષના થયા ત્યાં સુધીમાં તો ગુજરાતી સાહિત્યનુ પુષ્કળ વાંચન કરી લીધેલું હતું . તેમની પ્રથમ ગઝલ 'ફકીરી હાલ' મણિલાલ નભુભાઈ દ્વિવેદીના સામાયિક 'સુદર્સનમાં' છપાઈ . અંગ્રેજ કવિ 'શૈલી' , 'કીટ્સ' , 'વર્ડઝવર્થ' વગેરેની રોમેન્ટિક કવિતા પરંપરાથી પ્રભાવિત કલાપી સંસ્કૃત વૃતો વાળી છંદબદ્ધ કવિતાઓ લખતા થઇ ગયા. સાથે તેમની લેખીનીમાં પોતાના સ્વભાવની મૃદુતા , વિચારો અને માન્યતાઓ સાંગોપાંગ ઉતરી છે . માં-બાપ વિનાનો આ બાપડો જીવ જ્યારે રાજખટપટમાં જોડાય છે ત્યારે પણ પોતાપણું જાળવી રાખે છે ને હૃદયના ભાવોને કવિતાઓમાં ઉતારે છે . તેમને કવિ સાહિત્યકારોનું સંમેલન યોજવાની ઈચ્છા હતી તે માટે તેમણે સો જેટલા સાહિત્યકારોની યાદી પણ બનાવડાવી હતી . તેમના મૃત્યુ બાદ લાઠીમાં સાહિત્ય પરિષદનું અગિયારમું સંમેલન ભરાયું ત્યારે એ ઈચ્છા પણ પૂરી થઇ.

માત્ર ઓગણીસ વર્ષની ઉમરે બે પુત્રોના પિતા બનેલા કલાપી વીસમા વર્ષે પત્નીની દાસી 'મોંઘી' નાં પ્રેમમાં પડે છે . એકવીસમાં વર્ષે રાજગાદી મેળવે છે . પરિવાર , પ્રણય અને રાજખટપટ વચ્ચે આ સુંવાળાં હૃદયનો જીવ ખૂબ ભીંસાય છે અને રાજગાદી છોડવાનું પણ વિચારે છે . પરંતુ કોઈને કોઈ જવાબદારીઓ આવી પડતા તેમ કરી શકતા નથી. અને છેવટે અકસ્માતે માત્ર છવીસ જ વર્ષની ઉમરે ૬/૯/૧૯૦૦ના દિવસે આ દુનિયા માંથી વિદાય લે છે.

કલાપી આયુષ્યના ટૂંકા ગાળામાં લાંબુ જીવન ભોગવી ગયા હોય તેમ લાગે . તેમણે સત્તા , સંપતિ અને સ્નેહથી ભરપુર જીવન માણ્યું અને રુચી મુજબનું જીવન શિક્ષણ મેળવ્યું અને સાહિત્ય વાંચન-લેખન તથા મનનની મનભાવન પ્રવૃતિઓ કરી . તેમણે કરેલું લેખનકાર્ય પણ વિશાળ કહી શકાય તેટલું છે. 'કલાપીનો કેકારવ'એ તેમનો મુખ્ય ગ્રંથ છે . જેની સોળ જેટલી આવૃતિઓ થએલ છે. તેમણે એક મહાકાવ્ય લખવાની કોશિશ કરેલી જે અપૂર્ણ રહ્યું છે . તથા અગિયાર જેટલા ખંડકાવ્યો , ૫૯ ગઝલો , ૧૮૮ ઊર્મિકાવ્યો લખ્યા છે , ને ખૂબીની વાત તો એ છે કે આ કાવ્યો પચીસ જેટલા છંદમાં લખેલા છે . કાલાપીએ તેમના જીવનનું બધુજ વાંચન , લેખન અને મનન માત્ર એકજ દાયકામાં એટલે કે ૧૬ થી ૨૬ વર્ષની ઉમર દરમિયાન જ કરેલ છે . આજના સમયના પરિપ્રેક્ષ્યમાં વિચારીએ તો જે ઉમરે યુવાનોએ હજી શિક્ષણ પણ

માંડ પૂર્ણ કર્યું હોય , કે સંસારજીવનના પ્રથમ પગથીએ હજી તો પગલું માંડ્યું હોય ને જીવન અંગે ગંભીરતાથી વિચારવાની શરૂઆત કરી હોય, એ ઉમરે કલાપી જીવનના બધા જ રંગો માણીને આ જગતમાંથી વિદાય લઇ જાય છે .

સંવેદનાથી સમૃદ્ધ કલાપીના કાવ્યકલાપ તરફ દ્રષ્ટિપાત કરીએ તો આપણને તેમની વાત્સલ્યભાવના સર્વત્ર છવાયેલી નજરે ચડે , પછી તે પ્રકૃતિ માટે હોય , માનવ માટે હોય કે પશુ –પક્ષી માટે પણ હોય . આ ભાવના સમગ્ર વિશ્વ સુધી વિસ્તરે છે . કલાપી જીવના દરેક બનાવને તેનાથી ઉપર ઉઠીને સમગ્ર રીતે જોઈ અનુભવી શકતા . તેઓની માન્યતાઓ અભ્યાસ અને ઊંડી સુજબુજને લીધે વિશાળ પરિપ્રેક્ષ્યથી બંધાયેલી હોય તેવું લાગે . કલાપીની કાવ્યબાનીમાં સમગ્ર વિશ્વનું ફલક દેખાય. શ્રી બળવંતરાય ઠાકોર કલાપી વિષે લખે છે કે,

"કંપે તુજ મૃદુલા કેકા રતિવિદ્ધ શી !
ઘેલા કરતી અભિનવ રસભર હૈયા જો!
ગુર્જર કુંજે કરુણ કલાધર મોરલા"

ગુજરાતના સાહિત્યવનનો આ મોરલો જે કેકારવ કરે છે તે કરુણ તો છે જ , સાથે મૃદુ પણ છે જેમાં અનુકંપાની કોમળતા છે . કહેવાય છે કે પ્રણય એ જીવનની સૌથી સુંદર લાગણી છે . કલાપીનું હૃદય શરૂઆતમાં પત્ની પ્રત્યે અને પછી શોભના પ્રત્યે અપાર લાગણી અનુભવે છે . અને આ અપાર પ્રેમ કવિના કાવ્યોનો વિષય બનીને આવે છે . કલાપી ખુબ ઝડપથી કવિતા કરી શકતા . તેમની સમગ્ર કવિતા વાંચતા જણાય કે તેમને માત્ર પત્ની કે પ્રિયતમા માટે જ પ્રેમભાવ કે સંવેદના છે તેવું નથી . કલાપી જગતના તમામ જીવો પ્રત્યે સંવેદનશીલ છે અને કોઈ પણ જીવને દુઃખ કે સંતાપ આપવાનું વિચારી પણ ન શકે . તેમના લગ્ન એકસાથે બે સ્ત્રીઓથી થયા હતા . તેમાં આનંદીબા પ્રત્યે જરાય અનુરાગ નહીં છતાંય તેમના પ્રત્યેની ફરજ હંમેશા નિભાવી . અને કવિની પ્રીતિનું પાત્ર એવી શોભનાનાં જીવનના ગુજારા માટેની વ્યવસ્થા પોતે મૃત્યુ પથારીમાં હતા ત્યારે કરતા જાય છે . બેપરવા મોજ મસ્તી કે ભોગ વિલાસ તેમને ક્યારેય સ્વીકાર્ય નથી . રાજાવી પરિવારની કેટલીક પરંપરાઓથી તેઓ દુર હતા . રાજા મહારાજાઓની શિકાર પ્રવૃત્તિ તેમને ક્યારેય પસંદ નહીં . 'શિકારીને' કાવ્યમાં તેઓ યુવાનને કહે છે કે,

"રહેવા દે, રહેવા દે આ સંહાર યુવાન ! તું ;
ઘટેના ક્રુરતા આવી : વિશ્વ આશ્રમ સંતનું "

કલાપી માટે સમગ્ર વિશ્વ એક સંતના આશ્રમ જેવું છે અને સંતોના આશ્રમમાં બધા જ જીવો મુક્તપણે રહી શકે અહીં કોઈ કોઈનું સંહાર કરે એ કેવી રીતે માન્ય હોય ? કાવ્ય વાંચતા આપણને લાગે કે કલાપીનું હૃદય ભારોભાર અનુકંપાથી ભરેલું છે , કરુણાથી પ્રેરાઈને કવિ બોલી ઉઠે છે કે ....

પંખીડા ફૂલડાં રૂડાં , લતા આ ઝરણાં તરુ ;

ઘટેનાં ક્રૂર દૃષ્ટિ ત્યાં : વિશ્વ સૌંદર્ય કુમળું ."

જાણે કે સ્થિર અને શાંત પ્રજ્ઞામાંથી ઉદભવેલા શબ્દો ......! અનુષ્ટુપ છંદમાં આ કાવ્ય સુંદરતા , આર્દ્રતા , અને વિશ્વ પ્રત્યેની પવિત્ર ભાવનાને ઉજાગર કેરે છે . કલાપીએ લખેલા ત્રણ કાવ્યો : 'એક ઘા' , 'રખોપીઆને' અને 'મને જોઇને ઉડી જતા પક્ષીઓને ' રૂપક કાવ્યો કહી શકાય. આ કાવ્યોમાં પોતાની પ્રિયતમા શોભનાને તેમણે પક્ષીનું રૂપક આપ્યું છે . પરંતુ કવિ કલાપીના જીવનને ન જાણનાર ભાવક પ્રથમ વખત તેમની કાવ્યસૃષ્ટિમાં ટહેલ કરે તો આ કાવ્યો પ્રથમ નજરે તો કવિની પંખીજગત પ્રત્યેની કોમળ લાગણી જ ભાળે તે ચોક્કસ છે . આવા રૂપકો જેને સહજ ઉપલબ્ધ છે તે કવિને પંખીઓ માટે પણ સમાન લાગણી છે તેમાં કોઈ બેમત નથી . પરમ કરુણા માંથી જ આવા શબ્દો સરે .....,

"તે પંખીની ઉપરો પથરો ફેંકતા ફેંકી દીધો ,

છૂટ્યો તે ને અરર ! પડી ફાળ હૈયા મહીં તો ! "

કોઈના પણ ઉપર કોઈપણ રૂપે પથર ફેંકવામાં આવે તે બાબત કવિ માટે અસહ્ય છે . કવિ પોતે તો આવું કૃત્ય ક્યારેય કરે જ નહિ પણ બીજાને પણ આમ કરવાની મનાઈ કરી દીધી છે , તેમ 'રખોપિયાને' કાવ્યમાં કવિ જણાવે છે ....

"ફેંકી દેને તુજ કરથી આ પથરો ગોફણી આ ,

મ્હારે આવી મુજ ચમનમાં જોઈએ ક્રુરતા ન ;"

કવિનું ભગવાન બુધ્ધ સમાન કરુણાથી ભરેલ હૈયું એથી પણ આગળ વધીને પશુ , પંખી , અને પ્રકૃતિને એક રાજવીની અદાથી જાણે કે અભય વચન આપતા હોય તેમ 'મને જોઇ ઉડી જતાં પક્ષીઓને' કાવ્યમાં કહી ઉઠે છે કે ....

"રે પંખીડાં ! સુખથી ચણજો ગીતવા કંઈ ગાંજો ,

શાને આવા મુજથી ડરીને ખેલ છોડી ઉડો છો ?

પાસે જેવી ચરતી હતી આ ગાય તેવો જ હું છું ;

નાના કોદી તમ શરીરને કાંઇ હાની કરું હું ."

નિર્મળ મનના કવિનું મન જે ભાવો અનુભવે છે તે જ ભાવો તેમની કલમ કાગળ ઉપર ઉતારે છે . કવિને તો સમગ્ર પ્રકૃતિના તમામ તત્વો માટે ભીની ભીની લાગણી છે . એથી તેમનાથી કદાચ કોઈને પણ દુઃખ પહોંચે તો તે બદલ પોતાના હૃદયમાં સંતાપ અનુભવે છે . કવિના 'પશ્ચાતાપ' કાવ્યની અમર પંક્તિઓ કહે છે કે ,

"હા ! પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતર્યું છે ,

પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે."

કલાપીના અંગત જીવનનાં પ્રસંગોથી તેમની કવિતાને જુદી પાડવામાં આવે ને તેનું સ્વતંત્ર મૂલ્યાંકન થાય તો પણ તેમની કવિતા માંથી ઉભરાતો વાત્સલ્યભાવ ભાવકને પોતે લાગણીના દરિયામાં કાવ્યરૂપી હલેષાથી હિલોળા લે છે તેવી અનુભૂતિ કરાવે તે નિશ્ચિત છે . સાથે ખૂબીની વાત એ છે કે , ઓગણીસમી સદીના અંતિમ દાયકાઓના સમયમાં ગુજરાતના રજવાડાના રાજવી વૈશ્વિક સમાનતા અને કલ્યાણની ભાવનાથી સભર જીવન જીવે અને અને આજ બાબત તેમની લેખિની અને વ્યવહારમાં પણ દેખાય તે ગુજરાતના રાજાઓની મહાનતા સિદ્ધ કરે છે . આવી ઉત્તમ ભાવના માંથી પ્રગટેલ કાવ્યોની કરુણા વર્તમાન સમયમાં પણ વિશ્વવાત્સલ્યની ભાવનાનો પ્રચાર કરવા સમર્થ છે . 'ઋણ' શીર્ષકધારી કવિતામાં કવિ કહે છે કે ,

"આ બ્રહ્માંડ અનન્ત મહેલ પ્રભુનો કૈન્કાલથી છે ઉભો ,

તેમાં કૈક ઝરી ભર્યા ચળકતા ઊડી રહ્યા વાવટા ;"

બ્રહ્માંડને પ્રભુના મહેલ સમાન ગણાવતા કવિ માટે આ જગત તાત એટલે કે પિતાનો મહેલ છે . જેમ પિતાના ઘરમાં રહેતા તમામ સંતાનો નિર્ભીકપણે વિહરવાનો અધિકાર ધરાવતા હોય છે તે રીતે જ જગત રૂપી ઘરમાં આ સંસારના બધાજ જીવો ને સ્વાતંત્ર્યતાપૂર્વક વિહરવાની , કિલ્લોલ કરવાની સહજ છૂટ હોવાની . તેમ જણાવતી કવિની કવિતાના શબ્દો છે ,

"બ્રહ્માંડ આ તો ગૃહ તાતનું છે ,

આધાર સહુને સહુનો રહ્યો જ્યાં ;

લેછે સહુ કંઈ સહુને દઈ કંઈ ,

આભાર સહુનો સહુ ઉપરે છે."

આજ કાવ્યમાં જગતના વેરઝેર જોઈ ત્રાહિત બનેલ કવિ સવાલ કરે છે કે ,

"બ્રહ્માંડે એકજ ભ્રાતૃભાવ ,

જન્મ્યો કહીંથી કટુ ભેદભાવ?"

પ્રણયના મૃદુ ભાવને ગાવા માટે પ્રખ્યાત કવિ કલાપી માનવ જીવનના અન્ય સંબંધો અને એ સંબંધોની પવિત્ર લાગણીઓ વર્ણવવાનું પણ ચુક્યા નથી તેમણે લખેલા 'વૃદ્ધ માતા' કાવ્ય આપણને ઇન્દુલાલ ગાંધીના 'આંધળી માનો કાગળ' કાવ્યની યાદ અપાવે તેવું છે . આ કાવ્યમાં વૃદ્ધ માતા પોતાના ઘરથી દુર ગયેલા પુત્રને કહે છે કે ,

"આંહી ત્યાં મેં ભટકી ઘસવી છે ડાંગ બાપુ ! મ્હારી ,

રસ્તા સર્વે નયનજલથી ભીંજવી આંખ ખોઈ ;

મ્હેં જોવું છે , મુજ જીવિતનો અંત આવી પહોંચ્યો ,

આ ડોશીનું મુખ નીરખવા બાપુ ! તું આવજે , હો !"

તો કલાપીના અતિ પ્રખ્યાત 'ગ્રામમાતા' કાવ્યમાં ખેડૂત દંપતીનું વર્ણન અને રાજવીની મનોભાવના છંદબદ્ધ રીતમાં વર્ણવતી વખતે પણ કલાપીની બાનીમાં

એક રાજા તરીકે પ્રજા માટેનું વાત્સલ્યભાવ ઊડીને આંખે વળગે છે.

"રસહીન ધરા થઇ છે દયાહીન થયો નૃપ ;

નહીં તો નાં બને આવું ; બોલી માતા ફરી રડી."

અને એ જ કાવ્યમાં આગળ કવિ કહે છે કે ,

"રસ હવે ભરી દે બાઈ ! પ્રભુકૃપાએ નકી એ ભરાશે ;

સુખી રહે બાઈ ! સુખી રહો સૌ તમારી તો આશિષ માત્ર માંગું."

પોતાની પ્રજાની સુખાકારી અને હિત ઇચ્છનાર રાજવી કવિની પ્રજા માટેની લાગણી આ કાવ્ય ઉજાગર કરે છે . ને 'વૃદ્ધ ટેલિયો' કાવ્યમાં આવતી પંક્તિઓ તો મુક્તક સમાન છે .

"દયા જોકે છેદી દુઃખી દિલ તણાં નાં દુઃખ શકે ,

નકી પંપાળીને જીગર હલકાં તો કરી શકે ."

સુત્ર સમાન આ પંક્તિ કવિની ઉત્તમ ભાવનાની મહોર સમી છે . વિદ્વાન વિવેચકો કલાપીની કવિતાને ઘણીવાર પોચટતાની કવિતા ગણાવે છે , એ સર્વને માટે આ પંક્તિઓ જવાબ સમાન છે કે કરુણા અને મૃદુતાથી દુખો દુર થઇ જતા નથી પણ હળવા જરૂર થઇ જાય છે . આ અને આવી અનેક રત્નકણિકાઓ 'કલાપીનો કેકારવ'માં અત્રતત્ર સર્વત્ર ટાંકાયેલી જોવા મળે , તેમના કેકારવમાંથી પસાર થતાં કલાપીની વાત્સલ્ય નીતરતી ભવ્ય પ્રતિમા આપણી સમક્ષ ચોક્કસ સર્જાય .

આ ઉપરાંત કલાપીના કાવ્યોમાં આવતા 'અરે' , 'અરે રે ' , 'હાય રે' , 'ઓહો !' , 'આહ !' જેવા શબ્દોથી શરુ થતી પંક્તિઓ કવિના હૃદયના ઊંડાણમાંથી આવતી હોય તેવું પ્રતીત થાય છે . કવિના હૃદયમાં કરુણા અને વાત્સલ્યનો અખૂટ ખજાનો ભરેલો છે . આ કરુણા અને વાત્સલ્યને કવિએ પોતાના કેકારવમાં ખુલા હાથે વેર્યો છે . કેકારાવની કવિતામાંથી પસારથનાર ભાવક આ ભીનાશથી ભીંજાય તે સ્વભાવિક છે . કલાપીની કવિતા માટે ન્હાનાલાલે કહ્યું છે કે ,

" 'કલાપીનો કેકારવ' એટલે પૃથ્વીની સુંદરતાની શોધયાત્રા"

સંદર્ભ સાહિત્ય :


- કલાપીનો કેકારવ : સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ -૧૯૨૪
- કવિ રાજવી કલાપી: ડૉ.ધનવંત શાહ -૨૦૦૪
- ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ(અર્વાચીન આધુનિક યુગ) : ડૉ.બેચરભાઈ પટેલ -૨૦૨૦
- વિવેચન : મોહનલાલ પાર્વતી શંકર દવે -૧૯૪૧
- અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા : ધીરુભાઈ ઠાકર -૨૦૦૧૬